# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

**************************************************

1) ભારતે સંભવિત પરમાણુ ખતરા અંગે પાકિસ્તાની સેના પ્રમુખ અસીમ મુનીરની ટિપ્પણીની ટીકા કરી.

2) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું - બાયોફ્યુઅલ અને ગ્રીન હાઇડ્રોજનનું ઉત્પાદન અને ઉપયોગ વધારવામાં આવે તો ભારત ઉર્જા નિકાસકાર બની શકે.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સકી સાથે ટેલીફોન પર વાત કરીને મજબૂત સબંધો અંગે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી.

4) ભારતીય ખેલાડી રિતિકાએ ઓગણીસ વર્ષથી ઓછી વયજૂથ અંતર્ગત એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં સુવર્ણચંદ્રક જીત્યો.

5) આજે વિશ્વ હાથી દિવસ નિમિત્તે કોઇમ્બતુરમાં રાષ્ટ્રીય ઉજવણીનું આયોજન.

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MEA-PAK

ભારતે સંભવિત પરમાણુ ખતરા અંગે પાકિસ્તાની સેના પ્રમુખ અસીમ મુનીરની ટિપ્પણીની સખત નિંદા કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક નિવેદનમાં કહ્યું કે, ભારતે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે તે કોઈપણ પરમાણુ બ્લેકમેલને વશ નહીં થાય. તેમણે કહ્યું નવી દિલ્હી તેની રાષ્ટ્રીય સુરક્ષાના રક્ષણ માટે તમામ જરૂરી પગલાં લેવાનું ચાલુ રાખશે.

શ્રી જયસ્વાલે કહ્યું કે પરમાણુ શસ્ત્રોનો દેખાડો કરવો એ પાકિસ્તાનની આદત છે. તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે આવી ટિપ્પણીઓ ત્રીજા મિત્ર દેશની ધરતી પરથી કરવામાં આવી હતી. નિવેદનમાં આંતરરાષ્ટ્રીય સમુદાયને ચેતવણી પણ આપવામાં આવી હતી કે તેઓ આ ટિપ્પણીઓમાં રહેલી બેજવાબદારી પર ધ્યાન લે, ખાસ કરીને જ્યારે પાકિસ્તાની સેનાના આતંકવાદી જૂથો સાથે ગાઢ સંબંધો છે.

# NITIN-GADKARI-PUNE-VISIT

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે જો બાયોફ્યુઅલ અને ગ્રીન હાઇડ્રોજનનું ઉત્પાદન અને ઉપયોગ વધારવામાં આવે તો ભારત ઉર્જા નિકાસકાર બની શકે છે. શ્રી ગડકરી ગઈકાલે વિશ્વ બાયોફ્યુઅલ દિવસ નિમિત્તે પુણેમાં બાયોવર્સ પહેલના ઉદ્ઘાટન સમારોહને સંબોધિત કરી રહ્યા હતા.

**(BYTE- નિતિન ગડકરી)**

# ECI-FACT-CHECK

બિહારમાં મતદાર યાદીના ખાસ ઊંડાણપૂર્વકના સુધારા અંગે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને રાષ્ટ્રીય જનતા દળ સહિત વિવિધ રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવેલા દાવાઓને ચૂંટણી પંચે ફગાવી દીધા છે. સોશિયલ મીડિયા પર શ્રેણીબદ્ધ તથ્યો તપાસમાં, પંચે કહ્યું કે મતદાર યાદીઓ લોકશાહીને મજબૂત બનાવે છે. ખાસ ઊંડાણપૂર્વકના સુધારા અને મતગણતરીના મુખ્ય તારણો સંબંધિત તમામ દસ્તાવેજો પણ રજૂ  કરવામાં આવ્યા હતા. પંચે બિહારમાં ખાસ ઊંડાણપૂર્વકના સુધારા સંબંધિત મતદારોના 10 હજાર 570 દાવાઓ અને વાંધાઓમાંથી 127નો ઉકેલ લાવી દીધો છે.

# PM-ZELENSKY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકી સાથે ટેલીફોન પર વાત કરી. શ્રી મોદીએ તાજેતરના વિકાસ પર શ્રી ઝેલેન્સકીના મંતવ્યો સાંભળ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું તેમણે શ્રી ઝેલેન્સકીને સંઘર્ષના વહેલા અને શાંતિપૂર્ણ ઉકેલની જરૂરિયાત અંગે ભારતની નીતિ વિશે માહિતી આપી.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત આ સંદર્ભમાં શક્ય તેટલું યોગદાન આપવા તેમજ યુક્રેન સાથેના સંબંધોને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

# REV.-SHEKHAWAT-HAR-GHAR-TIRANGA

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે ભારપૂર્વક જણાવ્યું કે સાંસ્કૃતિક વિવિધતાઓ હોવા છતાં, ભારતીય રાષ્ટ્રધ્વજ એક પ્રતીક છે જે દેશને એક રાખે છે. નવી દિલ્હીમાં 'હર ઘર તિરંગા' અભિયાનના પ્રારંભ પ્રસંગે મીડિયાને સંબોધતા તેમણે ભારત અને વિદેશમાં રહેતા દરેક નાગરિકને આ અભિયાનમાં ભાગ લેવા વિનંતી કરી.

શ્રી શેખાવતે કહ્યું કે દેશભરમાંથી પાંચ લાખથી વધુ સ્વયંસેવકો હર ઘર તિરંગા અભિયાનમાં ભાગ લઈ રહ્યા છે.

**(BYTE- ગજેન્દ્ર સિંહ શેખાવત)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# ASIAN-BOXING-CHAMPIONSHIPS-2025

ભારતીય ખેલાડી રિતિકાએ ઓગણીસ વર્ષથી ઓછી વયજૂથ અંતર્ગત મહિલાઓની એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં 80 કિલોથી વધુ વજન શ્રેણીમાં સુવર્ણચંદ્રક જીત્યો. બેંગકોકમાં યોજાયેલી આ સ્પર્ધામાં ભારતે આ શ્રેણીઓમાં કુલ 27 ચંદ્રક જીત્યા છે. અંડર-19 ટીમ ત્રણ સુવર્ણ, સાત રજત અને ચાર કાંસ્ય સહિત 14 ચંદ્રક સાથે બીજા સ્થાને રહી હતી.

મહિલાઓની 57 કિલોગ્રામ શ્રેણીમાં યાત્રી પટેલ, 60 કિલોગ્રામ શ્રેણીમાં પ્રિયાએ, પુરુષોની 75 કિલોગ્રામ શ્રેણીમાં નીરજ અને 90 કિલોગ્રામથી વધુ વર્ગમાં ઇશાન કટારિયાએ રજત ચંદ્રક જીત્યા હતા.

# WORLD GAMES

વર્લ્ડ ગેમ્સ વુશુમાં મહિલાઓના 52 કિગ્રા વજન વર્ગના ફાઇનલમાં ભારતની નમ્રતા બત્રા આજે ચીનની મેંગ્યુ ચેન સામે રમશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 5:30 વાગ્યે રમાશે. ગઈકાલે સેમિફાઇનલમાં નમ્રતાએ ફિલિપાઇન્સની ક્રિઝાન ફેઇથ કોલોરાડોને 2-0થી હરાવી હતી. આ સાથે, વુશુમાં વર્લ્ડ ગેમ્સમાં ભારતનો પહેલો ચંદ્રક નિશ્ચિત થઈ ગયો છે.

આ પહેલા, ઋષભ યાદવે પુરુષોની કમ્પાઉન્ડ તીરંદાજીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે, આ સાથે ભારતને આ ગેમ્સમાં પહેલો વ્યક્તિગત મેડલ મળ્યો છે.

# WORLD-ELEPHANT-DAY-2025

આજે વિશ્વ હાથી દિવસ છે. આ નિમિત્તે, આજે તમિલનાડુના કોઈમ્બતુરમાં રાષ્ટ્રીય ઉજવણીના ભાગ રૂપે ઉત્સવનું આયોજન છે. જે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા તમિલનાડુ વન વિભાગના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમમાં, વન નીતિ નિર્માતાઓ, વન્યજીવ નિષ્ણાતો અને સમાજના વિવિધ વર્ગના પ્રતિનિધિઓ હાથીઓના સંરક્ષણ અને માનવ-હાથી સંઘર્ષનો સામનો કરવાના માર્ગો પર ચર્ચા કરશે. વિશ્વના લગભગ 60 ટકા જંગલી હાથીઓ ભારતમાં છે. 33 હાથી અભયારણ્યો છે.

# DELHI-SC-STRAY-DOG-ORDER

દિલ્હી સરકારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં રખડતા કૂતરાઓને કાયમી ધોરણે આશ્રયસ્થાનોમાં ખસેડવાના સર્વોચ્ચ અદાલતના આદેશનું સ્વાગત કર્યું છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું કે આ આદેશ ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે રાષ્ટ્રીય રાજધાનીમાં સમસ્યા ખૂબ જ ગંભીર છે. તેમણે વ્યાપક, સુનિયોજિત યોજના દ્વારા સમસ્યાનું નિરાકરણ લાવવાની ખાતરી આપી.

રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હીમાં કૂતરા કરડવા અને હડકવાને નિયંત્રિત કરવા માટે સર્વોચ્ચ અદાલતે રખડતા કૂતરાઓને નસબંધી કરવા અને તેમને કાયમી ધોરણે આશ્રયસ્થાનોમાં ખસેડવા માટે કડક નિર્દેશો જારી કર્યા છે.

કોર્ટે કહ્યું કે રખડતા કૂતરાઓ, એકવાર પકડાયા પછી, જાહેર વિસ્તારોમાં છોડવા જોઈએ નહીં. બાળકો પર રખડતા કૂતરાઓના હુમલાના અહેવાલોના આધારે કોર્ટે આ નિર્દેશો આપ્યા હતા. ખંડપીઠે આઠ અઠવાડિયામાં કૂતરાઓ માટે આશ્રયસ્થાનો સ્થાપવા, પૂરતા પ્રમાણમાં સ્ટાફ અને સીસીટીવી દેખરેખની વ્યવસ્થા કરવાનો નિર્દેશ આપ્યો હતો.

# TRUMP-PUTIN FRIDAY SUMMIT

અલાસ્કામાં શુક્રવારે રશિયાના રાષ્ટ્રપ્રમુખ પુતિન સાથે શિખર સંમેલન પહેલા, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બંને દેશો વચ્ચે સામાન્ય વેપારની શક્યતા અંગે આશાવાદ વ્યક્ત કર્યો અને કહ્યું કે તેઓ બેઠકની પ્રથમ બે મિનિટમાં જાણી જશે કે કોઈ કરાર થઈ શકે છે કે નહીં.

ટ્રમ્પે વ્હાઇટ હાઉસ ખાતે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવતા કહ્યું કે તેઓ યુદ્ધવિરામ ઇચ્છે છે. ટ્રમ્પે રશિયાના અર્થતંત્રની વર્તમાન સ્થિતિ માટે ચાલી રહેલા સંઘર્ષને જવાબદાર ઠેરવ્યો અને કહ્યું કે રશિયા પાસેથી તેલ ખરીદતા દેશો પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલી 50 ટકા ડ્યુટીની પણ તેના પર મોટી અસર પડી છે. ટ્રમ્પે કહ્યું કે તેઓ યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ અને યુરોપિયન નેતાઓ સાથે વાત કરતા પહેલા પુતિનને મળવા અને શાંતિ કરારના પરિમાણો પર વિચાર કરવા માંગે છે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નીકિતા શાહ

- આજના તમામ અખબારોએ વિવિધ સમાચારને મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છે.
- દિવ્યભાસ્કર લખે છે, વોટચોરી વિરુદ્ધ રસ્તા પર વિપક્ષ 300 સાંસદોની કૂચ.
- ચૂંટણી પંચ સામે વોટ ચોરી મુદ્દે સાંસદોની રેલી આ ગુજરાત સમાચારનું મુખ્ય મથાળું છે..
- નવગુજરાત સમય લખે છે, ચૂંટણી પંચના S.I.R.ના વિરોધમાં વિપક્ષો રસ્તા પર ઉતર્યા
- સંદેશે "વોટ ચોરી મુદ્દે કુચ.. રાહુલ ગાંધી પ્રિયંકા અખિલેશની અટકાયત"ને મુખ્યશીર્ષક બનાવ્યું છે.
- અન્ય સમાચારોમાં સંદેશે "લોકસભામાં કેટલાક સુધારા સાથે આઈટી બિલ પાસ"ને મુખ્યમથાળામાં સ્થાન આપ્યું છે
- મુખ્ય પાના પરના અન્ય સમાચારોમાં... UK-એ ભારતને "હમણાં ડિપોટ પછી અપીલ" ક્રિમિનલ લિફ્ટમાં મૂક્યું. ન્યૂ યૉર્ક શહેરની ગલીઓમાં ફૂટપાથ રસ્તા પર ઉંદરોનો ભારે ઉપદ્રવ. H-1-B વિઝાધારકોના સંતાનોના ગ્રીન કાર્ડ અધિકાર ટ્રમ્પે છીનવ્યા. પાકિસ્તાને ઇસ્લામાબાદમાં ભારતીય રાજદ્વારીઓની પાણી ગેસની સપ્લાય રોકી. દિલ્હી NCRમાંથી આઠ સપ્તાહમાં તમામ રખડતા કુતરા ખસેડો-સુપ્રીમ કોર્ટ.. જેવા વિવિધ સમાચારો આવરી લેવાયા છે.